| | | | | | |
|---|---|---|---|---|---|
| – | | રજૂ તારીખ | ૧૨/૩/૨૦૧૨ | | |
| | | દાખલ તારીખ | ૧૨/૩/૨૦૧૨ | | |
| | | નિકાલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૧૪ | ૦૩ | ૨૯ |

**ક્રિમીનલ કેસ નં.૫૬૮/૨૦૧૨**
**આંક–.........**

## <u>ફોર્મ – એ</u>

| | |
|---|---|
| **પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ.પેટલાદ**<br>**(જજમેન્ટ આપ્યાની તારીખ ૧૦/૦૭/૨૦૨૬)**<br>**(કેસ નં.૫૬૮/૨૦૧૨)**<br>**પેટલાદ ટાઉન પોલીસ સ્ટેસનના ગુ.રજી.નં.૩૦/૧૧**<br>**ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી મુજબ...** | |
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદી તરફે | વિ.એ.પી.પી.શ્રી એમ.એમ.ભુરીયા, |
| આરોપી | (૧) ડાહ્યાભાઇ શનાભાઇ પટેલ ઉ.વ.આ.૮૫<br>(૨) કમલેશભાઈ કાંતિભાઈ પટેલ ઉ.વ.આ.૪૭<br>હાલ રહે. સી.૩૬ ગીરીરાજ સોસાયટી,<br>છાણી જકાતનાકા, જી.વડોદરા,<br>મૂળ રહે. પાળજ મહાદેવ પાસે,<br>તા.પેટલાદ, જી.આણંદ |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એ.એ.સૈયદ |

## <u>ફોર્મ – બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | – |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૬/૦૫/૨૦૧૧ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૦૨/૨૦૧૨ |

| | |
|---|---|
| તહોમતનામું ઘડ્યાની તારીખ | – |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | ૨૯/૦૬/૨૦૧૫ |
| જજમેન્ટ આપવાની નક્કી કરેલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | |

## આરોપીની વિગત

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુક્ત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજ | કેદમાં રહેલ મુદતનો સમય સી.આર.પી.સી. ની કલમ-૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડાહ્યાભાઇ શનાભાઇ પટેલ | ૨૦/૦૬/૨૦૧૧ | | ઈ.પી.કો.કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી | નિર્દોષ | | |
| ૨ | કમલેશભાઇ કાંતિભાઇ પટેલ | ૨૦/૦૬/૨૦૧૧ | | | | | |

## ફોર્મ - સી

### એ- ફરીયાદપક્ષના સાક્ષીઃ-

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | ચીરાગભાઇ ચંદ્રકાંત પટેલની જુબાની | પંચ સાહેદ | ૫૬ |
| PW2 | ગીરીશભાઇ રતિલાલ જોષીની જુબાની | સાહેદ | ૬૪ |
| PW 3 | ભાસ્કરભાઇ ઇશ્વરભાઇ પટેલ ની જુબાની | ફરિયાદી | ૧૦૯ |

### બી- આરોપીપક્ષના સાક્ષીઃ-

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

### સી- કોર્ટ તરફેના સાક્ષીઃ-

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

## એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજોઃ–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | ૫૫ | પંચ સાહેદ શંકરભાઈનું મરણનું  પ્રમાણપત્ર |
| 2 | ૫૭ | પંચનામું |
| 3 | ૧૧૦ | ફરીયાદ |
| 4 | ૧૧૧ | પાર્વતીબેનનું મરણનું પ્રમાણપત્ર |
| 5 | ૧૧૨ | ૧૨૨૬/૨૦૦૩ વાળુ દસ્તાવેજ |
| 6 | ૧૧૩ | ક.૧૩૫/ડી મુજબની નોટીસ |
| 7 | ૧૧૪ | વાંધા અરજી |
| 8 | ૧૧૫ | પાવર ઓફ એટર્ની |

## બી– આરોપીપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજોઃ–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

## સી– કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજોઃ–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

## ડી– મહત્વની વસ્તુઓઃ–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | | |

## –: જજમેન્ટ :–

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી શ્રી તથા સાહેદોએ ચાર્જશીટના કોલમ નં ૧માં જણાવેલ આરોપી નં.૧ને પાળજ સીમ મધ્યે સર્વે નંબર ૭૨૧ વાળી જમીનનો પાવર ઓફ એટર્ની તા.૨૨/૦૨/૧૯૭૯ ના રોજ કરી આપેલ

હોવાનુ આ કામના બંન્ને આરોપીઓ જાણતા હોવા છતાં બંન્ને આરોપીઓએ ભેગા મળી આ કામના ફરીની પાળજ સીમ મધ્યેની સર્વે નં ૪૫ બ્લોક નં ૪૭ ખાતા નં ૩૬ વાળી ૦–૨૮–૩૩ ક્ષેત્રફળ વાળી જમીન પચાવી પાડવાનુ ષડયંત્ર રચી ઉપરોકત જણાવેલ પાવર ઓફ એટર્ની આધારે ફરીની ઉપરોકત જમીનનો બનાવટી દસ્તાવેજ બનાવી આરોપી નં.૧નાએ તા. ૧૮/૮/૨૦૦૩ ના રોજ આરોપી નં.૨ને જમીન વેચાણ કરી આપી તથા આરોપી નં.૨ નાએ. પોતાનું નામ તા.૨૪/૦૬/૨૦૦૪થી દાખલ કરાવી ગુનો કરેલ હોય**, ઈ.પી.કોડની કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી** મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઈન્સાફી નિકાલ સારૂ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ અને તેની બજવણી થતા આરોપી નં.૧ અને ૨ કોર્ટમાં હાજર થયેલ છે અને **સી આર પી સી કલમ ઢ૨૦૭** અન્વયે વિના મુલ્યે ચાર્જસીટ સહીત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુના અંગેનું તહોતમનામું **આંક– ૦૫** થી ફરમાવવામાં આવેલ છે અને **આંક– ૦૬ અને આંક– ૦૭થી** આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેથી કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે તથા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા નોંધવામાં આવેલ છે.

નોંધ: આ કામનું રેકર્ડ ધ્યાને લેતા આંક–૦૧ અન્વયે મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફિસર સાહેબશ્રી દ્વારા તા.૨૫/૦૪/૨૦૧૬ના રોજ આંક–૪૧ અન્વયે આરોપી નં.૧ અવસાન પામતા તેના પુરતો કેસ એબેટ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

(3) સદર કામે ફરિયાદપક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

(૪) ઉપરોક્ત ફોર્મ–સી માં જણાવ્યા મુજબના પુરાવા રજૂ થયા બાદ ફરીયાદપક્ષે બીજા કોઈ પુરાવા રજૂ થયેલ નથી અને **આંક–૧૧૬**થી ક્લોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવા જોતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનં.૨નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેવુ જણાવેલ છે તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે, બચાવના કોઈ સાહેદો તપસવા નથી તેવુ જણાવેલ છે.

◆ ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે અને સદર કેસના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) આ કામે કેસના આખરી નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુ દાઓ:–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી શ્રી તથા સાહેદોએ ચાર્જશીટના કોલમ નં ૧માં જણાવેલ આરોપી નં.૧ને પાળજ સીમ મધ્યે સર્વે નંબર ૭૨૧ વાળી જમીનનો પાવર ઓફ એટર્ની તા.૨૨/૦૨/૧૯૭૯ ના રોજ કરી આપેલ હોવાનુ આ કામના બંન્ને આરોપીઓ જાણતા હોવા છતાં બંન્ને આરોપીઓએ ભેગા મળી આ કામના ફરીની પાળજ સીમ મધ્યેની સર્વે નં ૪૫ બ્લોક નં ૪૭ ખાતા નં ૩૬ વાળી ૦–૨૮–૩૩ ક્ષેત્રફળ વાળી જમીન પચાવી પાડવાનુ ષડયંત્ર રચી ઉપરોકત જણાવેલ પાવર ઓફ એટર્ની આધારે ફરીની ઉપરોકત જમીનનો બનાવટી દસ્તાવેજ બનાવી આરોપી નં.૧નાએ તા. ૧૮/૮/૨૦૦૩ ના રોજ આરોપી નં.૨ને જમીન વેચાણ કરી આપી તથા આરોપી નં.૨ નાએ. પોતાનું નામ તા.૨૪/૦૬/૨૦૦૪થી દાખલ કરાવી ગુનો કરેલ હોય, ઈ.પી.કોડની કલમ– **૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુ ક મ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

| | |
|---|---|
| (૧) | નકારાત્મક. |

| | |
|---|---|
| (૨) | આખરી હુકમ મુજબ. |

## **: કા ર ણો :**

**(૭) મદ્દા નં.૦૧ અને ૦૨**

**ઉપરોક્ત મુદ્દા પુરવાર કરવા ફરીયાદપક્ષે તપાસેલ પુરાવો રેકર્ડ ઉપર ધ્યાને લેવામાં આવે તો** ફરીયાદપક્ષે **આંક-૫૬થી પંચ સાહેદ ચીરાગભાઈ ચંદ્રકાંત પટેલ**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "હુ ઉપર બતાવેલા સરનામે રહુ છુ. મને પોલીસે પેટલાદ પોલીસ સ્ટેશને બોલાવેલ. મને એક પંચનામામાં સહી કરાવેલી. મે લખાણ વાંચેલુ નહી. કઈ બાબતનું પંચનામું હતુ તેની મને કોઈ જાણ નથી. મને આજ રોજ પંચનામાની નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે જે મારી સહી છે. જે દાખલ આંક-૫૭ આપવામાં આવે છે." તેવી હકીકત જણાવેલ છે.

સદર પંચસાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબની જુબાની આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ની મૌખીક વિનંતીથી તેમને વિમુખ સાક્ષી જાહેર કરેલા છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામાં આવેલ નથી.

(૭.૧) સદર કામે ફરીયાદપક્ષે **આંક-૬૪થી સાહેદ ગીરીશભાઈ રતિલાલ જોષી**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે, "હું સને ૧૯૮૭ ના વર્ષથી સોજીત્રા ખાતે સ્ટેમ્પ વેન્ડર તરીકે કામકાજ કરૂ છું. અમોને નામ. ગુજરાત સરકાર દ્વારા જયુડીશીયલ અને નોન જયુડીશીયલ સ્ટેમ્પ વેચાણ કરવા પરવાનો આપેલ છે. મારી ઓફીસ સચ્ચિદાનંદ શોપિંગ સેન્ટરમાં આવેલ છે. અમો ટ્રેઝરી કચેરીમાંથી સ્ટેમ્પ મેળવી ગ્રાહકોનું નામ રજીસ્ટરમાં નોંધી તેમની સહી લઇ ત્યારબાદ સ્ટેમ્પ આપીએ છીએ. અમોએ તા. ૧૮/૮/૦૩ ના રોજ પટેલ કમલેશભાઈ કાંતિભાઈ રહે. પાળજ નાઓએ સોજીત્રા રજીસ્ટર નં. ૨૮૮૬/૧ થી ૨૮૮૬/૬ ના સ્ટેમ્પ જેમાં ૫૦૦૦0/- નો એક તથા રૂા. ૫૦૦/- ના ચાર તથા ૧૦૦/- નો એક એમ કુલ રૂા. ૭૧૦૦/- ના સ્ટેમ્પ વેચાણ

આપેલ હતાં. જેનો ઉપયોગ વેચાણ દસ્તાવેજમાં થયેલો. આ અંગે પોલીસે મારુ નિવેદન લીધેલું." તેવી હકીકત જણાવેલ છે.

◆ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મારો પરવાનો સોજીત્રા સંબંધી મળેલ અને મારી ઓફીસ પેટલાદમાં આવેલ છે. મારી પાસે ઘણાં ગ્રાહકો સ્ટેમ્પ લઈ જતાં હોય દરેકને જોયેથી ઓળખી ન શકું. આ સ્ટેમ્પ મારી પાસેથી કોણ લઈ ગયેલ તે હું કહી શકુ નહીં. રજીસ્ટર પોલીસમાં જમા કરાવેલ નથી." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

(૭.૨) સદર કામે ફરીયાદપક્ષે **આંક–૧૦૯થી ફરીયાદી ભાસ્કરભાઇ ઈશ્વરભાઈ પટેલ**નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે,"હુ જન્મ થી જ મુંબઇમાં રહુ છુ. મારી વડીલોપાર્જીત મિલ્કત પાળજ ગામમાં આવેલી છે. મારા પિતાના અવસાન બાદ પાળજ ગામમાં આવેલી જે મિલ્કત છે તેમાં મારુ અને મારી મમ્મી પાર્વતીબેન અને બીજા મમ્મી શાંતા બેનના નામે છે. સને ૨૦૦૯ ની સાલમાં મામલતદાર પેટલાદ તરફથી જમીન મહેશુલની કલમ ૧૩૫ ડી ની નોટીસ મળતા અમો પાળજ મુકામે આવેલા અને અમોને જાણ થયેલી કે, અમારી વડીલોપાર્જીત મિલ્કત જે પાળજ ગામમા આવેલી છે તેનો વેચાણ દસ્તાવેજ થઇ ગયેલો છે જેના લીધે અમોએ પેટલાદ ટાઉન પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. ફરીયાદની સાથે મે અમુક દસ્તાવેજો પણ આપેલા જે હાલ મને યાદ નથી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જેને હુ ઓળખુ છુ જે અસલ ફરીયાદ ને રજુ દાખલ આંક.૧૧૦ આપવામાં આવે છે. ફરીયાદ આપ્યા પછી પોલીસે મારો વધારાનો કોઇ જવાબ લીધેલો નહી. આ સિવાય મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નથી. બનાવ બાબતે હુ બીજુ કાંઇ જાણતો નથી. હુ કસુ કહેવા માંગતો નથી. આરોપીને ઓળખુ છુ જે આજ રોજ કોર્ટમાં હાજર છે." તેવી હકીકત જણાવેલ છે.

સદર ફરીયાદી ફરિયાદપક્ષના કેસ મુજબની જુબાની આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રી ની મૌખીક વિનંતીથી તેમને વિમુખ સાક્ષી જાહેર કરેલા છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષને ઉપયોગી કોઇ ફળદાયી હકીકતો જણાવતા નથી.

◆ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે હુ બોમ્બે કુર્લા માં રહી રેડીમેડ કપડાનો વેપાર કરતો હતો. મારા સંતાનો અમેરીકા છે. મારે પણ ઘણી વખત અમેરીકા જવાનો પ્રસંગ બને છે. ડાહ્યાભાઇ શનાભાઈ પટેલ મારા પિતરાઇ ભાઈ થાય છે. હુ બોમ્બે રહુ છુ અને મારી ઘણી જમીનો પાળજ ગામમાં આવેલી છે. એનો વહીવટ કરવા માટે અલગ અલગ પાવર આપ્યા હતા. જે ઈસમને પાવર આપવામાં આવે તે અસલ પાવર તે ઈમસ જોડેજ રહે. સર્વે નં. ૪૫ બ્લોક નં.૪૭ નો પાવર મે ડાહ્યાભાઈ શનાભાઈ પટેલ ને આપેલ હતો. ડાહ્યાભાઈ શનાભાઈ ગુજરી ગયા છે. ડાહ્યાભાઈ શનાભાઈ ગુજરી ગયા તે પહેલા સર્વે નં.૪૫ બ્લોક નં. ૪૭ વાળી જમીન ડાહ્યા ભાઈ આરોપી નં. ૨ કમલેશભાઈ કાંતીભાઇને વેચેલી છે. એ વાત ખરી છે કે, ફેરફાર નોંધ નંબર ૧૨૪૫ થી કમલેશભાઈ કાંતીભાઇનુ નામ જમીનના રેકર્ડ માં ચડેલ છે. સદર જમીન માટે જે પણ રેવન્યુ અપીલો થયેલી છે તે કમલેશભાઈ કાંતીભાઇને મંજુર થયેલી છે. સદર જમીનમાં જે દસ્તાવેજ થયો છે તે આજની તારીખે કાયમ છે. મે સદર દસ્તાવેજ રદ કરવા માટે કોઈ દાવો કરેલ નથી. સદર જમીન માટે અમારે કાયદેસરનો વ્યવહાર થયો છે. પરંતુ લોકોની ઉસ્કેરણીથી આવેશમા આવીને મે અરજી તથા ફરીયાદ કરેલી." તેવી હકીકત પુરાવા કે રેકર્ડ ઉપર આવેલ છે.

(૮) ફોજદારી કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા ક્રિમીનલ જ્યુરીસપ્રુડન્શના મૂળભૂત સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો,

Basically, there are three cardinal principles of criminal jurisprudence.

1.prosecution to prove its case beyond reasonable doubt.

2.The accused must be presumed to be innocent.

3.The onus of the prosecution never shifts.

◆ કોઈપણ કેસમાં જયારે પોલીસ ચાર્જશીટના આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે અદાલતેએ ખ્યાલ રાખવાનો હોય છે કે, અદાલતે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી, પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય

છે એ બાબત પણ લક્ષમાં લઈ ન્યાય કરવાનો હોય છે. કોઈપણ બનાવનો ભોગ બનનારે ન્યાય મેળવવા માટે સૌપ્રથમ સારવાર કરનાર એજન્સી ઉપર આધાર રાખવો પડે છે અને ત્યારબાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઈપણ એજન્સીની ઈરાદા સાથે કે ઈરાદા વગર (શુધ્ધબુધ્ધિ પુર્વકની) કોઈ ભુલ કરે તો તેનો ખરેખર ભોગ બનનારને બનવું ન પડે તે પણ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે જોવાની ફરજ પણ અદાલતની છે. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ,સ્ટેટ ઑફ યુ.પી વિરુધ્ધ અનીલસીંગ, અંબીકાપ્રસાદ વિ. સ્ટેટ ઓફ દીલ્હી એ.આઈ.આર. ૨૦૦૦, સુપ્રીમ કોર્ટ, ૭૧૮ ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને સમાજમાં જે રીતે ક્રાઈમ વધી રહેલ છે અને જે રીતે આરોપીઓ શંકાનો લાભ મેળવી બચી જાય છે તે અંગે નોંધેલ છે કે, સ્વતંત્ સાહેદો સાક્ષી બનવાનુ ટાળે છે, અન્વેષણ અધીકારીને પણ સહકાર આપતા નથી, તે માટેના ઘણા કારણો છે. પરંતુ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટ એ ધ્યાનમાં રાખવુ જોઈએ કે, જજની ખુશીમાં બેસી જજે માત્ર એટલુ જ જોવાનું નથી કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા ન થઈ જાય, પરંતુ કોર્ટની એ પણ જોવાની ફરજ છે. આ બાબત ધ્યાન પર રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત કેસ દાખલ થયેલ છે. ફરીયાદપક્ષ સદર મુળભુત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાકીય બાબતોનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, આ કામમાં **આંક–૧૦૯**ના ફરીયાદીની જુબાનીમાં તેઓએ **આંક–૧૧૦** થી રજુ કરેલ ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલી નથી. તેઓની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, લોકોની ઉસ્કેરણીથી આવેશમાં આવીને મે અરજી તથા ફરીયાદ કરેલી. તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આથી ફરીયાદીની જુબાની ધ્યાને લેતાં તેમજ **આંક–૧૧૦**થી રજુ કરવામાં આવેલ ફરીયાદના મૂળભૂત તત્ત્વો ફરીયાદપક્ષ કોઈ માની શકાય તેવા પુરાવાથી પુરવાર કરી શકેલ નથી આથી ફરીયાદપક્ષ **આંક–૧૧૦**વાળી ફરીયાદ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમા, આ કામમાં **આંક–૬૪**ના સાહેદની જુબાનીમાં તેઓએ

ફરીયાદપક્ષને સમર્થનકારક જુબાની આપેલી નથી. તેઓની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, "મારી પાસે ઘણાં ગ્રાહકો સ્ટેમ્પ લઈ જતાં હોય દરેકને જોયેથી ઓળખી ન શકું. આ સ્ટેમ્પ મારી પાસેથી કોણ લઈ ગયેલ તે હું કહી શકુ નહીં. રજીસ્ટર પોલીસમાં જમા કરાવેલ નથી." તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

◆ આ કામમાં ફરીયાદપક્ષે **આંક–૫૭**વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર કરવા **આંક–૫૬**થી પંચ સાહેદ ચિરાગભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ **આંક–૧૫**વાળા પંચનામાને કોઈ સમર્થનકારક જુબાની આપેલ નથી અને તેઓએ તેવુ જણાવેલ છે કે, પોલીસ અમલદારે સહી કરવાનુ કહેતા મેં સહી કરેલ હોવા સિવાય કોઈ બાબત ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આંક–૫૫ થી પંચ નં.૧ અવસાન પામેલ હોવાની બાબત રેકર્ડ ઉપર આવેલ છે. આથી **આંક–૫૭**વાળુ પંચનામું પણ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ત્યારબાદ આ કામમાં **આંક–૧૧૧** થી પાર્વતીબેન પટેલનું મરણનું પ્રમાણપત્ર, **આંક–૧૧૨**થી ૧૨૨૬/૨૦૦૩ વાળુ દસ્તાવેજ, **આંક–૧૧૩**થી ક–૧૩૫/ડી **આંક–૧૧૪** થી વાંધા અરજી અને **આંક–૧૧૫** થી પાવર ઓફ એટર્ની રજુ કરવામાં આવેલ છે. આંક–૧૦૯ના મૂળ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા તેઓ જન્મ થી જ મુંબઈમાં રહે છે તેમની વડીલોપાર્જીત મિલ્કત પાળજ ગામમાં આવેલી છે. તેમની વડીલોપાર્જીત મિલ્કત જે પાળજ ગામમા આવેલી છે તેનો વેચાણ દસ્તાવેજ થઇ ગયેલો છે જેના લીધે તેણે પેટલાદ ટાઉન પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. ફરીયાદ આપ્યા પછી પોલીસે તેમનો વધારાનો કોઈ જવાબ લીધેલો નહી. અને તે સિવાય પોલીસને બીજુ કાંઇ લખાવેલ નથી તેવી હકીકત જણાવેલ છે. ઉલટતપાસ ધ્યાને લેતા તે બોમ્બે કુર્લા માં રહી રેડીમેડ કપડાનો વેપાર કરે છે તેમના સંતાનો અમેરીકા છે. તેમની ઘણી જમીનો પાળજ ગામમાં આવેલી છે. એનો વહીવટ કરવા માટે અલગ અલગ પાવર આપ્યા હતા. જે ઈસમને પાવર આપવામાં આવે તે અસલ પાવર તે ઈમસ જોડેજ રહે. સર્વે નં. ૪૫ બ્લોક નં.૪૭ નો પાવર તેમણે ડાહ્યાભાઈ શનાભાઈ પટેલ ને આપેલ હતો. ડાહ્યાભાઈ શનાભાઈ ગુજરી ગયા છે. ડાહ્યાભાઈ શનાભાઈ ગુજરી ગયા તે પહેલા સર્વે નં.૪૫ બ્લોક નં. ૪૭ વાળી જમીન ડાહ્યા ભાઈ આરોપી નં. ૨ કમલેશભાઈ કાંતીભાઈને વેચેલી છે. ફેરફાર નોંધ નંબર ૧૨૪૫ થી કમલેશભાઈ

કાંતીભાઇનુ નામ જમીનના રેકર્ડ માં ચડેલ છે. આ જમીન માટે જે પણ રેવન્યુ અપીલો થયેલી છે તે કમલેશભાઇ કાંતીભાઇને મંજુર થયેલી છે. સદર જમીનમાં જે દસ્તાવેજ થયો છે તે આજની તારીખે કાયમ છે.તેમણે સદર દસ્તાવેજ રદ કરવા માટે કોઇ દાવો કરેલ નથી. સદર જમીન માટે મારે કાયદેસરનો વ્યવહાર થયો છે. પરંતુ લોકોની ઉસ્કેરણીથી આવેશમા આવીને મે અરજી તથા ફરીયાદ કરેલી હોવાની બાબત રેકર્ડ ઉપર આવેલ છે. રેકોર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું  અવલોકન કરતાં જણાય છે કે, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ **૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી** મુજબના ગુનાઓનો આક્ષેપ કરવામાં આવેલ છે. આવા ગુનાઓ સાબિત કરવાનો ભાર સંપૂર્ણપણે ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે.સદર હું કેસ માં આંક–૧૦૯ના મૂળ ફરિયાદી ભાસ્કરભાઈ ઈશ્વરભાઈ પટેલે તેમની જુબાની દરમિયાન ફરિયાદીએ પોતાની ફરિયાદને સમર્થન આપેલ નથી. ફરિયાદીએ ફરિયાદમાં કરેલ આક્ષેપોને કોર્ટ સમક્ષ સ્વીકાર્યા નથી તથા આરોપીઓ વિરુદ્ધ કોઈપણ દોષારોપક હકીકતો રજૂ કરી નથી. તેમની જુબાનીમાંથી પણ આરોપીઓ દ્વારા કોઈ બનાવટી દસ્તાવેજ તૈયાર કરવો, તેનો ઉપયોગ કરવો અથવા કાવતરું રચવું જેવી હકીકતો વિશ્વસનીય રીતે સાબિત થતી નથી તેથી ફરિયાદીની જુબાનીમાંથી આરોપીઓ વિરુદ્ધના આક્ષેપોને સમર્થન મળતું નથી.તે જ રીતે, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા આંક–૫૬ના  પંચ સાક્ષી પણ ફરી ગયેલા (Hostile) છે. તેમણે પંચનામાની હકીકતોને સમર્થન આપ્યું નથી. ફરિયાદ પક્ષ દ્વારા આંક–૧૧૧ થી ૧૧૫ દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે. પરંતુ માત્ર દસ્તાવેજ રજૂ કરવાથી જ તેની હકીકતો આપોઆપ સાબિત થઈ જતી નથી. તે દસ્તાવેજ કોણે તૈયાર કર્યો, તે બનાવટી છે કે કેમ, તેમાં ફેરફાર થયો છે કે કેમ, આરોપીઓનો તેની સાથે શું સંબંધ છે તથા તે દસ્તાવેજનો ઉપયોગ આરોપીઓએ કપટપૂર્વક કર્યો હતો કે કેમ, તે અંગેનો કાયદેસર અને વિશ્વસનીય પુરાવો રેકોર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ નથી. દસ્તાવેજના લેખક, હસ્તાક્ષર, હસ્તલેખ નિષ્ણાત અથવા અન્ય સક્ષમ પુરાવા દ્વારા આંક–૧૧૫ના દસ્તાવેજની સાબિતી કરવામાં આવી નથી. ભારતીય પુરાવા અધિનિયમના મૂળભૂત સિદ્ધાંત મુજબ દસ્તાવેજની સામગ્રી તથા તેની સચ્ચાઈ યોગ્ય પુરાવાથી સાબિત કરવી જરૂરી છે. માત્ર દસ્તાવેજ Exhibit તરીકે રજૂ થવાથી તેની

હકીકતો સાબિત થઈ જતી નથી. તેથી રજૂ થયેલ દસ્તાવેજ પરથી આરોપીઓ વિરુદ્ધનો ગુનો સાબિત થઈ શકે તેમ નથી.ભારતીય દંડ સહિતા ની કલમ **૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧** અન્વયેના ગુનાઓમાં ફરિયાદપક્ષે આરોપીઓએ બનાવટી દસ્તાવેજ તૈયાર કર્યો હતો, તે કપટપૂર્ણ હેતુથી બનાવવામાં આવ્યો હતો તથા આરોપીઓએ તે બનાવટી હોવાનું જાણતા હોવા છતાં તેનો ઉપયોગ કર્યો હતો તે તમામ ઘટકો સાબિત કરવાના રહે છે. જ્યારે ભારતીય દંડ સહિતા ની કલમ ૧૨૦(બી) મુજબના કાવતરાના ગુનામાં આરોપીઓ વચ્ચે પૂર્વ સમજૂતી (Meeting of Minds) તથા ગેરકાયદેસર કાર્ય માટેનું કાવતરું વિશ્વસનીય પુરાવાથી સાબિત થવું આવશ્યક છે. સદરહુ કેસમાં આવા કોઈપણ ઘટકો વિશ્વસનીય, સ્વતંત્ર અને કાયદેસર પુરાવાથી ફરિયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી.સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં ફરિયાદ પક્ષના કેસમાં ગંભીર ખામીઓ તથા શંકા ઉભી થાય છે. ફરિયાદી તથા પંચ સાક્ષીઓ ફરી ગયેલા હોવાથી તેમની જુબાનીમાંથી ફરિયાદ પક્ષને કોઈ ટેકો મળતો નથી. દસ્તાવેજી પુરાવો પણ કાયદેસર રીતે સાબિત કરવામાં આવેલ નથી. બીજા કોઈ મહત્વના સાહેદોને તપાસવામાં આવેલ નથી. જ્યારે મૂળ ફરિયાદી જ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કારક પુરાવો આપતા નથી પરિણામે આરોપીઓ વિરુદ્ધના આક્ષેપો માત્ર શંકા કે અનુમાનના આધારે જ રહી જાય છે.

**(૧૦)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે Ei incumbit probatio qui dicit, non qui negat – જે આક્ષેપ કરે છે તેના પર જ તેને સાબિત કરવાનો ભાર રહે છે. In dubio pro reo – શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ. ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, તથા ફરીયાદપક્ષના કેસમાં ગયેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ જણાઇ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો કોઇ ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષના કેસમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સિધ્ધાંત છે કે, સો ગુન્હેગારો ભલે છુટી જાય પરંતુ કોઇ નિર્દોષ માણસને

ખોટી રીતે સજા થવી જોઇએ નહી. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા **kailash Gaur V/s. State of Aasam A.I.R.** 2012 SC 786 ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા તેના પેરા-૨૮ માં એમ ઠરાવેલ છે કે :- "28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which can not be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma V. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 To the same effect is the decision of this court in Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this court observed : "Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory exception, the said principle from the basis of criminal jurisprudence in India."પેરા ક્રમાંક નંબર- ૮ અને ૧૦માં જણાવવામાં આવેલ

ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી ઉપરોક્ત પેરા નંબર–૯માં રેકર્ડ ઉપર આવેલ પૂરાવાનું આખરી મૂલ્યાંકન કરતા આ કામમાં આરોપીઓ વિરુદ્ધ **આંક–૦૫** થી ફરમાવવામાં આવેલ તહોમત મુજબ આ કામના ફરીયાદી શ્રી તથા સાહેદોએ ચાર્જશીટના કોલમ નં ૧માં જણાવેલ આરોપી નં.૧ને પાળજ સીમ મધ્યે સર્વે નંબર ૭૨૧ વાળી જમીનનો પાવર ઓફ એટર્ની તા.૨૨/૦૨/૧૯૭૯ ના રોજ કરી આપેલ હોવાનુ આ કામના બંન્ને આરોપીઓ જાણતા હોવા છતાં બંન્ને આરોપીઓએ ભેગા મળી આ કામના ફરીની પાળજ સીમ મધ્યેની સર્વે નં ૪૫ બ્લોક નં ૪૭ ખાતા નં ૩૬ વાળી ૦–૨૮–૩૩ ક્ષેત્રફળ વાળી જમીન પચાવી પાડવાનુ ષડયંત્ર રચી ઉપરોકત જણાવેલ પાવર ઓફ એટર્ની આધારે ફરીની ઉપરોકત જમીનનો બનાવટી દસ્તાવેજ બનાવી આરોપી નં.૧નાએ તા. ૧૮/૮/૨૦૦૩ ના રોજ આરોપી નં.૨ને જમીન વેચાણ કરી આપી તથા આરોપી નં.૨ નાએ. પોતાનું નામ તા.૨૪/૦૬/૨૦૦૪થી દાખલ કરાવી ગુનો કરેલ હોય, **ઈ.પી.કોડની કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ આથી મુદ્દા નં.1 **"નકારમાં"** ઠરાવી મુદ્દા નં.2 અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

**(૧)** આ કામના **આરોપી નં.(૧) ડાહ્યાભાઇ શનાભાઇ પટેલ (૨) કમલેશભાઈ કાંતિભાઈ પટેલ,** હાલ રહે. સી.૩૬ ગીરીરાજ સોસાયટી,છાણી જકાતનાકા, જી.વડોદરા, મૂળ રહે. પાળજ મહાદેવ પાસે, તા.પેટલાદ, જી.આણંદનાઓને ઈ.પી.કોડની કલમ– ૨૪૮ અન્વયે **ઈ.પી.કોડની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી** અન્વયેના સજાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.

– જો મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય અને મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ હોય તો અપીલ સમય પુરો થયેથી તેનો ધોરણસર નિકાલ કરવો.

– જો મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ ન હોય તો અપીલ સમય પુરો થયેથી તેનો ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(ક) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ– ૧૦ , માહે– જુલાઇ , સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૬ (ડી.બી. ગોહીલ)

સ્થળ : પેટલાદ

પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ

સ્ટેનો– એમ.એ.ભરવાડ

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રી/સંબંધિત કર્મચારીએ, સમગ્ર કેસ/અરજી કાળજી પૂર્વક ખરાઇ કરવી. જો કોઇ પ્રોસીઝરલ ભુલ અથવા ક્ષતિ જણાઇ આવે તો, ઓફિસની નિયત પ્ર– ક્રિયા મુજબ તે બાબતે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ: ૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(દિલીપસીંહ બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC NO.GJ00757

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડ અંગેની કાર્યવાહી કરેલ છે.<br>**અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ / અરજી ક્રમાંક નંબર ૨ મુજબ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર / બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | ક્રમાંક નંબર ૩ના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે.<br>**સુપ્રિટેન્ડેન્ટ / રજીસ્ટ્રી** | |